# મહૂવા સુગર ફેક્ટરીની ચૂંટણીમાં ૮૭.૧૯% જેટલું ભારે મતદાન



**સૌથી** વધુ વાંસકુઇ બૂથ-૨ પર ૧૦૦% મતદાન નોંધાયું

અનાવલ : શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., બામણિયા (મહૂવા સુગર ફેક્ટરી) ની વ્યવ સ્થા પક સમિતિના સભ્યોની વર્ષ ૨૦૨૬ની ચૂંટણીમાં ૮૭.૧૯ ટકા જેટલું ઊંચું મતદાન નોંધાયું છે. મંડળીના નોંધાયેલા કુલ ૭,૦૪૧ મતદારોમાંથી ૬,૧૩૯ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

આ ચૂંટણી મતદાનમાં સૌથી અનોખો રેકોર્ડ પ્રાથમિક શાળા, વાંસકુઇ (બુથ-૨) ખાતે જોવા મળ્યો હતો, જ્યાં નોંધાયેલા તમામ ૧૪ માંથી ૧૪ મતદારોએ મતદાન કરતા અહીં શત-પ્રતિશત એટલે કે ૧૦૦ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે બીજી તરફ પ્રાથમિક શાળા, બાજીપુરા (તા. વાલોડ) ખાતે સૌથી ઓછું ૭૪.૩૨ ટકા (૧૮૩ માંથી ૧૩૬) મતદાન નોંધાયું હતું.

## વલવાડા સહિત કેટલાક બૂથો પર ચકમક ઝરી અંબિકા પોલીસે મામલો થાળે પાડ્યો

આ ચૂંટણીમાં મહત્તમ બેઠકો પર ભાજપના જ સક્રિય નેતાઓએ આમનેસામને ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હોવાથી મતદાન સમયે કેટલાક બૂથો પર ભારે ચકમક ઝરવાના બનાવો બન્યા હતા. ખાસ કરીને વલવાડા બેઠક પર ધારાસભ્ય મોહનભાઈ ઢોડીયાના પુત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી મેદાનમાં હતા, જ્યારે તેમની સામે ભાજપના જ જિલ્લા પંચાયત સભ્ય રાકેશ પટેલ ઉમેદવાર હોવાથી અહીં 'કાંટે કી ટક્કર' જેવો ગરમાવો જોવા મળ્યો હતો. મતદાન સમયે બંને નેતાઓના સમર્થકો આમનેસામને આવી જતાં વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું અને બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. પરિસ્થિતિ વણસતી જોઈ અંબિકા પોલીસે તાત્કાલિક સ્થળ પર પહોંચી સમગ્ર મામલો થાળે પાડ્યો હતો.

## ચૂંટણીના પરિણામ ૨૯મીએ જાહેર થશે

શ્રી મહુવા પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., બામણિયા (તા. અંબિકા, જિ. સુરત) ની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ચૂંટણીનું પરિણામ ૨૯ સપ્ટેમ્બર મંગળવારના રોજ જાહેર કરવામાં આવશે.

મતગણતરીની કામગીરી સવારે ૦૯:૦૦ વાગ્યાથી સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, કાછલ (તા. મહુવા, જિ. સુરત) ખાતે હાથ ધરવામાં

| બૂથ | મતદાન | બૂથ | મતદાન |
|---|---|---|---|
| વાંસકુઇ-૨ | ૧૦૦ ટકા | વાંસકુઇ | ૮૬.૮૧ ટકા |
| અનાવલ | ૮૮.૫૭ ટકા | વાંકાનેર | ૮૬.૧૩ ટકા |
| ઝેરવાવરા | ૮૭.૦૮ ટકા | વાલોડ-૧ | ૮૯.૫૧ ટકા |
| ખરવાણ | ૯૦.૩૮ ટકા | વાલોડ -૨ | ૮૪.૮૭ ટકા |
| ઊંવા | ૮૪.૩૨ ટકા | મોતા | ૮૫.૮૩ ટકા, |
| મહુવા | ૮૭.૯૬ ટકા | બુટવાડા | ૯૦.૩૧ ટકા |
| રાનકુવા | ૮૮.૮૩ ટકા | વલવાડા | ૮૪.૫૧ ટકા |
| વાંસદા | ૯૨.૧૪ ટકા | દેદવાસણ | ૮૮.૭૮ ટકા |
| કપુરા | ૮૪.૦૦ ટકા | મહુવરીયા | ૯૦.૫૦ ટકા |
| કલકવા | ૮૭.૯૯ ટકા | કામલાપોર | ૮૯.૫૭ ટકા |
| કરચેલીયા | ૮૩.૫૮ ટકા | બાજીપુરા | ૭૪.૩૨ |

# હડતાળ વચ્ચે લેન્ડ રેકર્ડ કર્મીઓનું સ્વચ્છતા અભિયાન

**વિરોધ** દરમિયાન અરજદારોને મુશ્કેલી નહીં પડે તેનું ધ્યાન રાખવા અપીલ



સુરતઃ સુરત અને તાપી જિલ્લાના લેન્ડ રેકર્ડ વિભાગના કર્મચારીઓ દ્વારા વિવિધ માંગણીઓને લઈને હડતાલ કરવામાં આવી રહી છે. હડતાલને પગલે અરજદારોના કામકાજ પર અસર થતી હોવાની સ્થિતિ વચ્ચે કર્મચારીઓ દ્વારા નાનપુરા સ્થિત બહુમાળી ભવન ખાતે સ્વૈચ્છિક રીતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલા બહુમાળી ભવન ખાતે લેન્ડ રેકર્ડ વિભાગના કર્મચારીઓ દ્વારા સ્વૈચ્છિક રીતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. કર્મચારીઓએ કચેરી પરિસરમાં સફાઈ કરી સ્વચ્છતા જાળવવાનો સંદેશ આપ્યો હતો. હડતાલના સમયગાળા દરમિયાન કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા આ સ્વૈચ્છિક સ્વચ્છતા અભિયાનની પ્રશંસા કરવામાં આવી રહી છે. કર્મચારીઓ પોતાની પડતર માંગણીઓ અને પ્રશ્નોના નિરાકરણ માટે હડતાલ કરી રહ્યા છે ત્યારે બીજી તરફ વિરોધ પ્રદર્શન દરમિયાન પ્રજા અને અરજદારોને કોઈ પ્રકારની મુશ્કેલી ન પડે તેનું પણ ધ્યાન રાખવાની અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને લેન્ડ રેકર્ડ વિભાગની કામગીરી સાથે સીધા સંકળાયેલા અરજદારોના કામો લાંબા સમય સુધી અટવાઈ ન રહે તે માટે માનવતાના અભિગમ સાથે વિરોધ નોંધાવવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે.

# ઉત્રાણ બનશે સેટેલાઇટ સ્ટેશન, એક મહિના સુધી 6 ટ્રેન નહીં ઊભી રહે

**કામગીરી** 28 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર સુધી ચાલશે

સુરતઃ સુરત શહેર માટે રેલવેની મોટી ભેટ સમાન ઉત્રાણ સ્ટેશનના સેટેલાઇટ સ્ટેશન તરીકે વિકાસનું કામ હવે ગતિ પકડશે. વડોદરા રેલવે મંડળ દ્વારા સુરત-વડોદરા સેક્શનમાં આવેલા ઉત્રાણ સ્ટેશનના યાર્ડ રિમોડલિંગ અને અત્યાધુનિક ઇલેક્ટ્રોનિક ઇન્ટરલોકિંગ (EI) સિસ્ટમ લગાવવાનું કામ 28 સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવી રહ્યું છે, જે 31 ઓક્ટોબર સુધી ચાલશે.

### શું થશે કામ?

આ પ્રોજેક્ટ અંતર્ગત ઉત્રાણ સ્ટેશનના ડાઉન પ્લેટફોર્મને અસ્થાયી ધોરણે તોડી પાડીને નવેસરથી તૈયાર કરવામાં આવશે. સાથે જ સમગ્ર યાર્ડનું રિમોડલિંગ કરીને ટ્રેનોની અવર-જવર માટે વધુ લાઇનો અને આધુનિક સિગ્નલિંગ સિસ્ટમ લગાવવામાં આવશે. આનાથી સુરત સ્ટેશન પરનો ભાર ઘટશે અને ભવિષ્યમાં ઉત્રાણથી જ વધુ ટ્રેનો દોડાવી શકાશે.

### મુસાફરોને એક મહિનો પડશે હાલાકી

કામગીરી દરમિયાન મુસાફરોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને 28 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર દરમિયાન ઉત્રાણ સ્ટેશને 6 ટ્રેનોનો હોલ્ટ અસ્થાયી ધોરણે બંધ રાખવામાં આવ્યો છે. જેમાં વલસાડ-વડોદરા પેસેન્જર, વિરાર-ભરૂચ એક્સપ્રેસ, સુરત-વડોદરા વચ્ચેની બે MEMU, સુરત-ભરૂચ MEMU અને બોરીવલી-વટવા એક્સપ્રેસનો સમાવેશ થાય છે. રેલવે પ્રશાસને દૈનિક અપ-ડાઉન કરતાં હજારો મુસાફરોને અપીલ કરી છે કે, આ સમયગાળા દરમિયાન તેઓ ઉત્રાણને બદલે સુરત, સાયણ કે કોસાડ જેવા નજીકના સ્ટેશનોથી મુસાફરીનું આયોજન કરે.

### ભવિષ્યનો ફાયદો

રેલવે અધિકારીઓના જણાવ્યા મુજબ, આ કામ પૂર્ણ થયા બાદ ઉત્રાણ સ્ટેશનની સંચાલન ક્ષમતામાં અનેકગણો વધારો થશે. નવી EI સિસ્ટમથી ટ્રેનોનું સંચાલન વધુ સુરક્ષિત અને ઝડપી બનશે, જે લાંબા ગાળે સુરતના મુસાફરો માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે.

# G-SQAAFની બાહ્ય મૂલ્યાંકન માટે ૧૩૩ વેરિફાયરની ઘટ

**સુરતમાં** ૧,૦૯૯ શાળાની ગુણવત્તા ચકાસવા આ મુલ્યાંકન શરૂ થયું છે

સુરતઃ સુરતની શાળાઓની ગુણવત્તા ચકાસવા માટે હાથ ધરાયેલી G-SQAAFની બાહ્ય મૂલ્યાંકન પ્રક્રિયામાં શરૂઆતથી જ વેરિફાયરોની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. સુરતમાં ૧,૦૯૯ શાળાઓના બાહ્ય મૂલ્યાંકન માટે ૭૩૩ વેરિફાયરની જરૂરિયાત સામે માત્ર ૬૦૦ જેટલા વેરિફાયર ઉપલબ્ધ થયા છે. એટલે કે શરૂઆતથી જ ૧૩૩ વેરિફાયરની ઘટ છે. આ સ્થિતિ વચ્ચે નોંધણી કરાવનારા ૩૨ વેરિફાયર કામગીરીમાં જોડાયા જ નહીં, જેના પગલે શિક્ષણ વિભાગે હવે તેમની પાસેથી ખુલાસો માંગ્યો છે.

ગુજરાત સ્કૂલ ક્વોલિટી એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન ફ્રેમવર્ક અંતર્ગત સપ્ટેમ્બર મહિનામાં શાળાઓ પાસે પ્રથમ તબક્કામાં સ્વમૂલ્યાંકન કરાવવામાં આવ્યું હતું.

હવે શાળાઓ દ્વારા કરવામાં આવેલા સ્વમૂલ્યાંકનની ચકાસણી માટે બાહ્ય મૂલ્યાંકનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. સુરતમાં કુલ ૩,૩૩૦ સંસ્થાઓ છે, જેમાંથી હાલ ૧,૦૯૯ શાળાઓનું બાહ્ય મૂલ્યાંકન હાથ ધરાયું છે. આ કામગીરી માટે ૭૩૩ વેરિફાયરની જરૂરિયાત સામે ૬૦૦ જેટલાએ જ નોંધણી કરાવી છે. બાહ્ય મૂલ્યાંકન માટે આચાર્ય, શિક્ષક, વિઝિટિંગ ફેકલ્ટી તેમજ નિવૃત્ત કર્મચારીઓ સહિત વિવિધ લોકો પાસેથી વેરિફાયર તરીકે નોંધણી કરાવવામાં આવી હતી. જોકે ૨૧ સપ્ટેમ્બરથી કામગીરી શરૂ થયા બાદ નોંધણી કરાવનારા પૈકી ૩૨ વેરિફાયર કામગીરીમાં જોડાયા નહીં. આથી પહેલેથી જ રહેલી વેરિફાયરોની ઘટ વધુ ગંભીર બની છે. એક તરફ જરૂરી સંખ્યા કરતાં ૧૩૩ વેરિફાયર ઓછા છે અને બીજી તરફ ઉપલબ્ધ યાદીમાં રહેલા ૩૨ લોકો પણ કામગીરીથી દૂર રહ્યા છે.

### કામગીરીથી દૂર રહેલા ૩૨ વેરિફાયરને DEOની નોટિસ

કામગીરીમાં જોડાયા ન હોવાને લઈને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ ૩૨ વેરિફાયરને નોટિસ આપવામાં આવી છે. તેમને સોમવારે રૂબરૂ હાજર રહી લેખિતમાં ખુલાસો આપવા સૂચના આપવામાં આવી છે. લેખિત ખુલાસો આપ્યા બાદ જ તેમને આગળની બાહ્ય મૂલ્યાંકનની કામગીરીમાં જોડાવા અંગે નિર્ણય કરવામાં આવશે. હવે જો આ વેરિફાયરો ફરી કામગીરીમાં જોડાય તો બાકી રહેલી પ્રક્રિયાને વેગ મળવાની શક્યતા છે.



# હજીરામાં 2.70 કરોડના ખર્ચે સ્ટ્રીટલાઈટ લગાવાઈ

**મગદલ્લા** ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધીનો માર્ગ પ્રકાશિત થતાં રાત્રિ મુસાફરી વધુ સલામત બનશેઃ સંદીપ દેસાઇ



સુરતઃ સુરતને હજીરા વિસ્તાર સાથે જોડતા મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધીના મુખ્ય માર્ગ અને સર્વિસ રોડ પર રૂ.2.70 કરોડના ખર્ચે સ્ટ્રીટલાઈટ લગાવવાનો પ્રથમ તબક્કો પૂર્ણ થયો છે. આ પ્રકલ્પનું લોકાર્પણ ધારાસભ્ય સંદીપ દેસાઈના અધ્યક્ષસ્થાને હજીરા એરિયા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ હેમંતભાઈ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાટપોર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

ધારાસભ્ય સંદીપ દેસાઈએ જણાવ્યું હતું કે, મગદલ્લા ONGC બ્રિજથી હજીરા સર્કલ સુધીના માર્ગ પર સ્ટ્રીટલાઈટના અભાવે રાત્રિના સમયે અકસ્માતનું જોખમ રહેતું હતું. હજીરા વિસ્તારના ઔદ્યોગિક એકમોને કારણે ભારે વાહનોની સતત અવરજવર વચ્ચે સ્થાનિક ગ્રામજનોની સલામતીને ધ્યાનમાં રાખી સમગ્ર માર્ગને પ્રકાશિત કરવાની રજૂઆત કરવામાં આવી હતી. હજીરા નિર્દિષ્ટ વિસ્તારના અનુદાનમાંથી સમગ્ર પ્રકલ્પ માટે અંદાજે રૂ.6.46 કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. તે પૈકી પ્રથમ તબક્કામાં મગદલ્લા ONGC બ્રિજથી ઈચ્છાપોર ચાર રસ્તા સુધીનું કામ પૂર્ણ થયું છે. સ્ટ્રીટલાઈટ શરૂ થતાં માર્ગનો અંધકાર દૂર થયો છે.

# અશોક સિંઘલ બીએચયુમાં એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે જાણીતા હતા



અશોક સિંઘલ પાસે બે ક્ષેત્રો હતા જે તેમના હૃદયની નજીક હતા. તેમને શિક્ષણ (ખાસ કરીને વૈદિક શિક્ષણ) અને સંગીત બંને પ્રત્યે ઊંડો જુસ્સો હતો. વારાણસીના સંસદ સભ્ય તરીકે, મને ખૂબ ગર્વ છે કે શાશ્વત કાશી, જે રાજ્યનું હું પ્રતિનિધિત્વ કરું છું તેણે શ્રી અશોક સિંઘલના જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. તેમણે બીએચયુમાં અભ્યાસ કર્યો હતો અને એક તેજસ્વી વિદ્યાર્થી તરીકે જાણીતા હતા. તેઓ એકલ વિદ્યાલય પહેલ સાથે પણ ઊંડાણપૂર્વક સંકળાયેલા હતા, જેણે દૂરના ગામડાઓ, ખાસ કરીને આદિવાસી સમુદાયોને મૂળભૂત શિક્ષણ પૂરું પાડવાનું કામ કર્યું હતું. તેઓ જેટલા ઉત્સુક વિદ્વાન અને વાંચક હતા તેટલા જ તેઓ એક સારા શ્રોતા પણ હતા. તેઓ હંમેશા યુવા કાર્યકરોને પુસ્તકો વાંચવા માટે પ્રોત્સાહિત કરતા હતા.

જે લોકો આદરણીય અશોકજીને નજીકથી જાણતા હતા તેઓ જાણે છે કે તેઓ કેટલું સુંદર ગાતા હતા. મને નાગપુરમાં તે સભાઓ યાદ છે જ્યાં તેઓ એકલા ગીતો ગાતા હતા. તેમના ગાયનથી સર્વે મોહિત થઈ ગયા અને સભામાં નવી ઉર્જા ભરાઈ ગઈ. 2015માં, તેમના 90મા જન્મદિવસની ઉજવણીનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેમણે 'હે માતૃભૂમિ, હે પિતૃભૂમિ' ગાઈને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

સ્વર્ગસ્થ અશોક સિંઘલજીએ તેમના જીવનના દરેક ક્ષણે આ મહાન રાષ્ટ્રની પ્રગતિનું સ્વપ્ન જોયું હતું. તેમના આદર્શો આજે પણ આપણને પ્રેરણા આપે છે. તેમની જન્મશતાબ્દીના આ શુભ પ્રસંગે, આપણે ખાતરી કરવી જોઈએ કે વધુને વધુ યુવાનો તેમના ઉત્કૃષ્ટ વ્યક્તિત્વ અને મહાનતાથી વાકેફ થાય. 27 સપ્ટેમ્બરથી આપણે સ્વર્ગસ્થ અશોક સિંઘલની જન્મશતાબ્દી ઉજવીશું. આ એક મહાન વ્યક્તિત્વનું સન્માન કરવાની એક અદ્ભુત તક છે. તેમણે દાયકાઓ સુધી આધ્યાત્મિક અભ્યાસ, સાંસ્કૃતિક જાગૃતિ અને સામાજિક અને સંગઠનાત્મક કાર્યને સમર્પણ સાથે આગળ ધપાવ્યું હતું.

મારું સૌભાગ્ય હતું કે મને સ્વર્ગસ્થ અશોકજી સાથે આટલા લાંબા સમય સુધી કામ કરવાની, તેમની પાસેથી શીખવાની, તેમની સાથે વાતચીત કરવાની અને તેમનો સ્નેહ મેળવવાની તક મળી.

મને 1981નો એક કિસ્સો યાદ આવે છે. તે સમયે એક યુવાન કાર્યકર તરીકે, હું સંગઠન દ્વારા મને સોંપવામાં આવેલી જવાબદારીઓ પૂર્ણ કરી રહ્યો હતો. મને અશોકજી તરફથી એક હસ્તલિખિત પત્ર મળ્યો. પત્રમાં, તેમણે મને આગામી એક મહત્વપૂર્ણ ઘટના વિશે માહિતી આપી અને મને ચોક્કસ જવાબદારીઓ સોંપી. તે સમયે અશોક સિંઘલજી તરફથી પત્ર મળવો એ મારા માટે ખૂબ જ ખાસ અને યાદગાર ક્ષણ હતી.

## અતિથીની કલમે



**નરેન્દ્ર મોદી**
(વડાપ્રધાન)

### અશોક સિંઘલજીએ તેમના જીવનના દરેક ક્ષણે આ મહાન રાષ્ટ્રની પ્રગતિનું સ્વપ્ન જોયું હતું

# ગોંડલ નજીક અકસ્માતમાં એક જ પરિવારના ત્રણનાં મોત

અમદાવાદઃ ગોંડલ તાલુકાના ધોધાવદર અને રામોદ ગામ વચ્ચે રવિવારે ગમખ્વાર માર્ગ અકસ્માતમાં એક જ પરિવારના ત્રણ સભ્યોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. ટાટા નેક્સોન કારે એક્ટિવાને જોરદાર ટક્કર મારતાં પતિ-પત્ની, 13 વર્ષના પુત્રના મોત થયા હતાં. અનિડા ભાલોડીના જયેશભાઈ કરશનભાઈ બગડા,પત્ની શાંતુબેન ઉર્ફે શારદાબેન અને 13 વર્ષના પુત્ર વ્રજ રામોદ ખાતે સસરાના ઘરે જઈ રહ્યા હતા.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### શાસકોના પાપે...

રહી છે. જે તમામ માટે એક માત્ર હજીરાનો બોટ ઓવારો જ વિકલ્પ છે જેના કારણે શ્રાદ્ધમાં વિસર્જન કરવા માટે ગણેશ ભક્તો મજબૂર બન્યા છે. એટલે શાસકોએ અથવા તો ઓવારા વધારવા પડે અથવા તો ઊંચી પ્રતિમાની સ્થાપના પર પ્રતિબંધ મૂકવો પડે તો જ આવતા વર્ષે આ પાપમાંથી મુક્તિ મળે તેમ છે.

### અનંત ચતુર્દશીએ...

એમ પણ કહ્યું હતું કે શ્રાદ્ધમાં ફક્ત પિતૃતર્પણ અથવા તો પિતૃઓને લગતા કાર્ય સિવાય કોઇપણ અન્ય પૂજા કે વિધિ કરી શકાય નહીં.

### બેનામી સંપત્તિ...

ફાર્મહાઉસ, બેનામી જમીનો અને લક્ઝરી ગાડીઓનો કાફલો હોવાની વિગતો ચર્ચાઈ રહી છે. આ તમામ સંપત્તિ સામાન્ય જનતાની સુરક્ષાના ભોગે અને અસામાજિક તત્વો સાથેની ભાગીદારીમાંથી ઊભી કરવામાં આવી છે.જો સમયસર આ 'સમાંતર સરકાર' ચલાવતા વહીવટદારો અને 'બુટલેગર એસોસિએશન' સામે કડક કાનૂની સકંજો નહીં કસાય, તો ડાયમંડ સિટીની સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે ગુના હિત માનસિકતા ધરાવતા તત્વોના હાથમાં ગીરવે મુકાઈ જશે તેમાં કોઈ શંકા નથી.

### સુરત પહોંચી...

મેન્ટેનન્સ કરવામાં આવશે, જ્યારે અન્ય દિવસોમાં સુરતમાં ઉપલબ્ધ સુવિધાઓના આધારે પ્રાથમિક મેન્ટેનન્સ થશે. ભવિષ્યમાં સુરતમાં વંદે ભારત માટે જરૂરી વધારાની સુવિધાઓ વિકસાવવાની પણ તૈયારી છે.

### ૨૫ કોન્સ્ટેબલોના...

છાવરવો તે તમામ નિર્ણયો આ વહીવટદારોની મંજૂરી વિના શક્ય નથી રહ્યા. આ સમગ્ર પ્રકરણમાં સૌથી ચિંતાજનક અને ચોંકાવનારી બાબત અસામાજિક તત્વોનું સંગઠિત સ્વરૂપ છે. સામાન્ય રીતે પોલીસ અને ગુનેગારો વચ્ચે છૂપો સંઘર્ષ ચાલતો હોય છે, પરંતુ સુરતમાં આ સમીકરણ સંપૂર્ણપણે ઊલટું થઈ ગયું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા બે મહિનાથી પડદા પાછળ ચાલેલી એક વ્યવસ્થિત યોજનાના ભાગરૂપે શહેરમાં પ્રથમવાર 'બુટલેગર એસોસિએશન'ની રચના કરવામાં આવી છે. આ ગેરકાયદે યુનિયનમાં સુરત શહેર અને તેની આસપાસના વિસ્તારોમાંથી નાના-મોટા અંદાજે ૩૦૦થી વધુ લિસ્ટેડ અને અનલિસ્ટેડ બુટલેગરો જોડાયા છે.

આ સંગઠનનું સંચાલન ડિંડોલી વિસ્તારમાંથી થઈ રહ્યું છે,જ્યાં 'લંગડા' તરીકે ઓળખાતા એક કુખ્યાત શખ્સને આ કથિત એસોસિએશનનો સર્વેસર્વા (પ્રમુખ) બનાવવામાં આવ્યો છે. આ એસોસિએશનનો મુખ્ય ઉદ્દેશ્ય અંદરોઅંદરની સ્પર્ધા ખતમ કરવી, હપ્તાનું કલેક્શન એક સરખું રાખવું, અને જો કોઈ બુટલેગર પર પોલીસ કે કાયદાકીય કાર્યવાહી થાય તો તેને સામૂહિક ફંડ તથા કેશિયરોના વગથી બચાવવાનો છે.

### ડુમસના દરિયામાં...

ઊભેલા બંને મિત્રએ બૂમાબૂમ કરતાં ડુમસ બીચ પર હાજર લોકોનું ધ્યાન ખેંચાયું હતું. દરિયામાં બે યુવક તણાઈ ગયા હોવાની વાત વાયુવેગે ફેલાતા ફરવા આવેલા સહેલાણીઓ અને સ્થાનિક લોકોનું મોટું ટોળું એકત્ર થઈ ગયું હતું. બનાવની જાણ થતાં ડુમસ પોલીસનો કાફલો પણ સ્થળ પર દોડી આવ્યો હતો. ત્યારબાદ ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવતા વેસુ ફાયર સ્ટેશનનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. સબ ફાયર ઓફિસર રોહિત ખલાસીના જણાવ્યા મુજબ ફાયર બ્રિગેડની ટીમના આશરે છ માર્શલ લાઈફ જેકેટ અને રિંગ બોયા સાથે દરિયામાં ઉતર્યા હતા અને બંને યુવકોની શોધખોળ શરૂ કરી હતી. જોકે ભરતીના મોજાં અને દરિયાઈ પ્રવાહ ખૂબ જ તેજ હોવાથી શોધખોળમાં મુશ્કેલી પડી હતી. ફાયર બ્રિગેડની ટીમે મોડી સાંજ સુધી દરિયામાં બંને યુવકની શોધખોળ કરી હતી, પરંતુ તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. અંતે અંધારું થઈ જતાં ફાયર બ્રિગેડની ટીમ પરત ફરી હતી. દરિયામાં બે યુવક તણાઈ જતાં ડુમસ બીચ પર થોડા સમય માટે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડ દ્વારા ઘટનાની વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

### શોધવા પડેલા...

મોજાં અને કરંટ હોવાથી તેઓ પણ પાણીના પ્રવાહમાં તણાવા લાગ્યા હતા. પરિસ્થિતિ વધુ જોખમી બનતાં બંનેએ પોતાની સુરક્ષાને ધ્યાનમાં રાખી તરવાનું શરૂ કર્યું હતું અને ભારે જહેમત બાદ સલામત રીતે કિનારે બહાર આવી ગયા હતા. આમ, બે યુવકોને બચાવવાનો પ્રયાસ કરનારા કોસ્ટ ગાર્ડ અને સ્થાનિક યુવકનો જીવ પણ જોખમમાં મુકાયો હતો. બાદમાં ફાયર બ્રિગેડની ટીમે લાઇફ જેકેટ અને રિંગ બોયા સાથે બંને ગુમ થયેલા યુવકોની શોધખોળ હાથ ધરી હતી.

### લિંબાયતના ગાર્બેજ...

યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી, જ્યારે આગ શોર્ટ સર્કિટથી લાગી કે અન્ય કોઈ કારણોસર તેની તપાસ આગ બુઝાયા બાદ હાથ ધરાશે. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

### દોઢ વર્ષ...

તરફ જતી જોવા મળી હતી. બાળકી ટ્રેનમાં બેસી ગઈ હોવાનું અનુમાન કરીને પોલીસે અમદાવાદ અને મુંબઈ તરફ અલગ-અલગ ટીમો રવાના કરી હતી અને રેલવે સ્ટેશનોના CCTV પણ ખંખોળ્યા હતા.

દરમિયાન બાળકી મધ્યપ્રદેશના ઈન્દોર ખાતે હોવાની માહિતી મળી હતી. પોલીસે ત્વરિત કામગીરી કરીને બાળકીને ઈન્દોરથી શોધી કાઢી પરિવારને સોંપતાં પરિવારજનોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

### યાર્નના ભાવના...

દિવસના સાંકેતિક બંધને વિવર્સ દ્વારા સારો પ્રતિસાદ મળ્યો છે. બંધ સફળ રહ્યો છે.

અગાઉ મહામંથન સભામાં યાર્નના સતત વધી રહેલા ભાવથી ઉત્પાદન ખર્ચ પર પડી રહેલા ભારણ, વેપારમાં પેમેન્ટ અટવાવાની સમસ્યા તેમજ વધતા ફ્રોડના કેસો અંગે વિવર્સે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. લાંબા સમયથી ઉદ્યોગને અસર કરતી આ સમસ્યાઓ સામે સામૂહિક રીતે પગલાં ભરવા અંગે ચર્ચા બાદ મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યાં હતાં.

### ડભોલીમાં મનપાના...

મેદાનમાં સમગ્ર શહેરમાંથી નિકાલ કરવામાં આવતા ગાર્ડન મટીરિયલનો કચરો મોટા પ્રમાણમાં ડમ્પ કરવામાં આવે છે. આ મેદાનમાં ભીના તેમજ સૂકા કચરાના મોટા ઢગલાં હોવાના કારણે આગ લાગ્યા બાદ તેને કાબૂમાં લેવામાં ફાયર બ્રિગેડના જવાનોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આગની જાણકારી ફાયર કંટ્રોલ રૂમને મળતાં ડભોલી, કતારગામ અને વરિયાવ ફાયર સ્ટેશનની પાંચ ફાયર ગાડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર જવાનો દ્વારા આગ પર સતત પાણીનો મારો ચલાવી તેને કાબૂમાં લેવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા હતા. જોકે, કચરાના ઢગલા મોટા પ્રમાણમાં હોવાથી આગ અંદર સુધી પ્રસરી ગઈ હતી અને વારંવાર ફરી સળગતી હતી.

ફાયર સબ ઓફિસર અક્ષય પટેલના જણાવ્યા મુજબ, સાંજે 6:53 કલાકે આગ લાગ્યાની જાણ થઈ હતી. સ્થળ પર પહોંચ્યા બાદ આગને કાબૂમાં લેવા માટે સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. જોકે, કચરામાં ભીનું મટીરિયલ હોવાથી તે અંદરથી ફરી સળગી ઊઠતું હતું. જેના કારણે આગને સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં મુશ્કેલી પડી રહી હતી. આગને બુઝાવવાની કામગીરી દરમિયાન કચરાના ઢગલાને ઉલેચવા માટે જેસીબીની પણ મદદ લેવામાં આવી હતી. જેસીબી દ્વારા કચરો ખસેડીને આગ અંદર સુધી પહોંચી છે કે કેમ તેની તપાસ સાથે ફાયર જવાનો પાણીનો મારો ચલાવી રહ્યા હતા. ભીનો અને સૂકો ગાર્ડન વેસ્ટ મોટા પ્રમાણમાં હોવાથી મોડી રાત સુધી ફાયર ફાઈટિંગની કામગીરી ચાલુ રહી હતી. ફાયર બ્રિગેડના સૂત્રોના જણાવ્યા મુજબ, સતત પાણીનો મારો ચલાવી તેમજ કચરો ઉલેચીને આગને કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# કોંગ્રેસ જીતે ત્યાં લોકશાહીની જીત, ભાજપ જીતે ત્યાં વોટચોરી?

**SIR** વિવાદમાં સીએમ ભૂપેન્દ્ર પટેલનો કોંગ્રેસ પર વળતો પ્રહાર



ગાંધીનગર : ગાંધીનગરમાં SIR અને ચૂંટણી પંચની સ્વાયત્તતા મુદ્દે ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર આકરો વળતો પ્રહાર કર્યો છે. ચૂંટણી પંચની કામગીરી સામે સવાલો ઉઠાવતી કોંગ્રેસને સીએમ ભૂપેન્દ્ર પટેલે તેના જ શાસનકાળની ચૂંટણી પંચ અંગેની ભૂમિકા યાદ અપાવતાં કહ્યું કે જે લોકોએ પોતાના શાસન દરમિયાન ચૂંટણી પંચની સ્વાયત્તતા હણી હતી, તેઓ આજે પંચની કામગીરી સામે આંગળી ઉઠાવી રહ્યા છે. SIR અંગે ત્રણેય ચૂંટણી કમિશનરોએ નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું સ્પષ્ટ કર્યું છે તેમ જણાવી મુખ્યમંત્રીએ કોંગ્રેસના ચૂંટણી પંચમાં મતભેદ હોવાના આક્ષેપોને ફગાવ્યા હતા. ચૂંટણી પંચે પણ 26 સપ્ટેમ્બરની બેઠક બાદ SIR સંબંધિત નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હોવાનું જણાવ્યું છે. 'જ્યાં કોંગ્રેસ જીતે ત્યાં લોકશાહીની જીત, ભાજપ જીતે ત્યાં વોટચોરી?'

ભૂપેન્દ્ર પટેલે કોંગ્રેસના વલણ પર સવાલ ઉઠાવતા કહ્યું કે કોંગ્રેસનું "ચાવવાના અને બતાવવાના બેય દાંત જુદા" છે. તેમના આક્ષેપ મુજબ, જ્યાં કોંગ્રેસને જનાદેશ મળે ત્યાં તેને લોકશાહીની જીત અને ચૂંટણી પંચની તટસ્થતા ગણાવવામાં આવે છે, જ્યારે ભાજપને જનાદેશ મળે ત્યારે 'વોટચોરી'ના આક્ષેપો કરવામાં આવે છે. પટેલે કહ્યું હતું કે લોકશાહીમાં સવાલ પૂછવાનો અધિકાર સૌને છે, પરંતુ ચૂંટણી જેવી સંવેદનશીલ બંધારણીય સંસ્થા અંગે ચર્ચા તથ્ય, કાયદા અને સંસ્થાઓ પ્રત્યેના વિશ્વાસના આધારે થવી જોઈએ.

# સુરત રેલવે સ્ટેશન નજીક ટ્રાફિક પોલીસ કેબિનમાં શંકાસ્પદ આગ

સુરતઃ સુરત રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત આયુર્વેદિક કોલેજ સામે મોડી રાત્રે અચાનક જ ટ્રાફિક પોલીસની કેબિનમાં ભયાનક આગ ભભૂકી ઊઠતા સમગ્ર લાલ દરવાજા પંથકમાં ભારે ગભરાટ અને ભાગદોડનો માહોલ સર્જાયો હતો. ફાયર ઓફિસર મહેશભાઈ કે. પટેલ અને તેમની અનુભવી ટીમ દ્વારા સ્થળ પર પહોંચીને ત્વરિત પાણીનો મારો ચલાવી આગ કાબૂમાં કરી હતી. જાહેર રસ્તા પર આવેલી પોલીસ કેબિનમાં આગ લાગવાને પગલે આ ઘટના માત્ર એક અકસ્માત છે કે પછી કોઈ તત્ત્વોનું કારસ્તાન છે, તે અંગે અનેક તર્ક-વિતર્કો સર્જાયા છે.







